# ચૌદમી ગુજરાત વિધાનસભા
# દિવસના કામકાજની યાદી

**દસમું સત્ર**

## ગુરૂવાર, તા.૩જી માર્ચ, ૨૦૨૨

## બપોરના ૧૨–૦૦ વાગ્યે

૧. **પ્રશ્નોત્તરી**

**તારાંકિત પ્રશ્નોત્તરી**

(૧) માનનીય મુખ્યમંત્રીશ્રી સામાન્ય વહીવટ, વહીવટી સુધારણા અને આયોજન, ગૃહ અને પોલીસ હાઉસીંગ, માહિતી અને પ્રસારણ, પાટનગર યોજના, શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ, ઉદ્યોગ, ખાણ અને ખનિજ, નર્મદા, બંદરો, તમામ નીતિઓ અને અન્ય કોઇ મંત્રીશ્રીઓને ફાળવાયેલ ન હોય તેવા વિષયો/વિભાગો

(૨) માનનીય રમત–ગમત, યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ, સ્વૈચ્છિક સંસ્થાઓનું સંકલન, બિન નિવાસી ગુજરાતીનો પ્રભાગ, ગૃહ રક્ષક દળ અને ગ્રામ રક્ષક દળ, નાગરિક સંરક્ષણ, નશાબંધી આબકારી, જેલ, સરહદી સુરક્ષા મંત્રીશ્રી(રાજ્યકક્ષા) (સ્વતંત્ર હવાલો)

૨. **વિધાનસભાના મેજ ઉપર મૂકવાના કાગળો**

(૧) સન ૨૦૨૨નો વટહુકમ ક્રમાંક–૧–સન ૨૦૨૨નો ગુજરાત જમીન પચાવી પાડવા પર (પ્રતિબંધ) (સુધારા) વટહુકમ તથા આ વટહુકમ બહાર પાડવા અંગેના સંજોગો સમજાવતું નિવેદન

**....... માનનીય મહેસૂલ મંત્રીશ્રી રાજેન્દ્ર ત્રિવેદી**

(૨) ગુજરાત શહેરી વિકાસ કંપની લિમિટેડનો સન ૨૦૧૯–૨૦નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ, કંપનીની કામગીરી અંગેની સરકારની સમીક્ષા તેમજ આ અહેવાલને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો દર્શાવતું નિવેદન

**......માનનીય રાજ્યકક્ષાના શહેરી વિકાસ મંત્રીશ્રી વિનોદભાઇ મોરડીયા**

(૩) બહુચરાજી રેલ કોર્પોરેશન લિમિટેડનો સન ૨૦૨૦–૨૧નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ, તેમજ કોર્પોરેશનની કામગીરી અંગેની સરકારની સમીક્ષા

**......માનનીય રાજ્યકક્ષાના ઉદ્યોગ મંત્રીશ્રી જગદીશ વિશ્વકર્મા (પંચાલ)**

...૨...

(૪) ગુજરાત મેટ્રો રેલ કોર્પોરેશન લિમિટેડનો સન ૨૦૨૦–૨૧નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ તેમજ કોર્પોરેશનની કામગીરી અંગેની સરકારની સમીક્ષા

**......માનનીય રાજ્યકક્ષાના શહેરી વિકાસ મંત્રીશ્રી વિનોદભાઈ મોરડીયા**

(૫) ગુજરાત ઘેટા અને ઊન વિકાસ નિગમ લિમિટેડનો સન ૨૦૧૮–૧૯નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ, નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા તેમજ આ અહેવાલને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો દર્શાવતું નિવેદન

**......માનનીય પશુપાલન મંત્રીશ્રી રાઘવજીભાઈ પટેલ**

(૬) ધોલેરા ખાસ મૂડી રોકાણ પ્રાદેશિક વિકાસ સત્તામંડળનો સન ૨૦૧૮–૧૯નો વાર્ષિક અહેવાલ અને વાર્ષિક હિસાબો તેમજ આ અહેવાલને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો દર્શાવતું નિવેદન

**......માનનીય રાજ્યકક્ષાના ઉદ્યોગ મંત્રીશ્રી જગદીશ વિશ્વકર્મા (પંચાલ)**

(૭) ગુજરાત મેરીટાઈમ બોર્ડના સન ૨૦૧૯–૨૦ના વાર્ષિક હિસાબો તેમજ આ હિસાબોને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો દર્શાવતું નિવેદન

**......બંદરો પ્રભાગનો હવાલો ધરાવતા માનનીય મંત્રીશ્રી રાઘવજીભાઈ પટેલ**

(૮) સન ૧૯૭૨ના ગુજરાત આવશ્યક સેવા જાળવણી અધિનિયમ હેઠળ વીજ ઉત્પાદન, વીજ પ્રવહન, વીજ વિતરણ, ઉપરાંત ટ્રેડીંગ ઓફ ઈલેક્ટ્રીકલ પાવર એન્ડ કો–ઓર્ડીનેશન એક્ટીવીટી કરતા હોય તેવા ઉદ્યોગોમાંના તમામ રોજગારને આવશ્યક સેવાઓ તરીકે જાહેર કરતું ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગનું તા.૧૫–૨–૨૦૨૨નું જાહેરનામા ક્રમાંક– ઘઈ/૨૦૨૨–૧૦/જીયુવી–૧૧૨૦૧૦–૨૮૬૧–ક(પાર્ટ–૨)

**..... માનનીય રાજ્યકક્ષાના ઉર્જા મંત્રીશ્રી મુકેશભાઈ પટેલ**

## ૩. અનુમતિ મળેલાં વિધેયકો વિધાનસભાના મેજ ઉપર મૂકવાં

ચૌદમી ગુજરાત વિધાનસભાના નવમા સત્રમાં વિધાનસભાએ પસાર કરેલ અને જેને રાજ્યપાલશ્રીની અનુમતિ મળી છે તેવાં સન ૨૦૨૧નાં વિધેયક ક્રમાંક–૨૧, ૨૨ અને ૨૪ વિધાનસભાના મેજ ઉપર મૂકવાં

***..........સચિવશ્રી, ગુજરાત વિધાનસભા***

## ૪. કામકાજ સલાહકાર સમિતિના તેરમા અહેવાલની રજૂઆત

***........માનનીય અધ્યક્ષશ્રી***

## ૫. માનનીય સંસદીય બાબતોના મંત્રીશ્રીનો પ્રસ્તાવ

"આ સભાગૃહ, કામકાજ સલાહકાર સમિતિના તેરમા અહેવાલ સાથે સંમત થાય."

૬. **ખર્ચના પૂરક પત્રકની રજૂઆત**

સન ૨૦૨૧–૨૦૨૨ના વર્ષ માટેના ખર્ચના પૂરક પત્રકની રજૂઆત

**........માનનીય નાણા મંત્રીશ્રી કનુભાઇ દેસાઇ**

૭. **અંદાજપત્રની રજૂઆત**

સન ૨૦૨૨–૨૦૨૩ના વર્ષ માટેના અંદાજપત્રની રજૂઆત

**........માનનીય નાણા મંત્રીશ્રી કનુભાઇ દેસાઇ**

**વિધાનસભાગૃહ,**
**ગાંધીનગર.**
**તા. ૨જી માર્ચ, ૨૦૨૨**

**ડી. એમ. પટેલ**
**સચિવ,**
**ગુજરાત વિધાનસભા.**